## CBIએ લાંચ કેસમાં DGCAના ડેપ્યુટી ડિરેક્ટરની ધરપકડ કરી

નવી દિલ્હી, તા. 4 (પીટીઆઈ): ખાનગી કંપની દ્વારા સંચાલિત વિમાન માટે એરવર્થનેસ (ઉડ્ડયન યોગ્યતા) પ્રમાણપત્ર જારી કરવા બદલ રૂ. 2.5 લાખની લાંચ લેવાના આરોપસર ચેન્નાઈ ખાતે તૈનાત ડાયરેક્ટર જનરેટલ ઓફ સિવિલ એવિએશન (ડીજીસીએ) ના ડેપ્યુટી ડિરેક્ટર સુશીલ કુમાર ગર્ગની સીબીઆઈએ ધરપકડ કરી છે. એમ અધિકારીઓએ રવિવારે જણાવ્યું હતું. અધિકારીઓના જણાવ્યા અનુસાર, એજન્સીએ અધિકારીને લાંચ આપવા બદલ એક્વી એર ટ્રેનિંગ ઓર્ગેનાઇઝેશન પ્રાઇવેટ લિમિટેડના ડિરેક્ટર સચિન કેશવ ભણેની પણ ધરપકડ કરી છે.

## બિહારના ત્રણ જિલ્લાઓમાં 3 દિવસમાં ૯ બાળકો ડૂબ્યા

ગોપાલગંજ/મોતીહારી/સીવાન (બિહાર), તા. 4 (PTI): પોલીસે રવિવારે જણાવ્યું હતું કે, બિહારના સીવાન, ગોપાલગંજ અને પૂર્વ ચંપારણ જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસમાં ચાર છોકરીઓ સહિત ઓછામાં ઓછા ૯ બાળકોનાં ડૂબી જવાથી મોત થયાં છે. મિરગંજ પોલીસ સ્ટેશનના એસએચઓ રાજીવ રંજન સિંહે જણાવ્યું હતું કે, શનિવારે 'જીતિયા' (એક પ્રાદેશિક તહેવાર જેમાં માતાઓ પોતાના સંતાનોના દીર્ઘાયુ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરે છે) દરમિયાન ગોપાલગંજ જિલ્લામાં ડાહા નદીમાં નાહતી વખતે આદિત્ય કુમાર અને સાગર કુમાર નામના 13 વર્ષના બે સગીરોનાં ડૂબી જવાથી મોત થયાં હતાં.

## દિલ્હીમાં નણંદ-ભાભીએ વિખવાદમાં બાલ્કનીમાંથી છલાંગ લગાવી

નવી દિલ્હી, તા. 4 (PTI): દિલ્હીના જૈતપુર એક્સટેન્શનની ખડ્ડા કોલોનીમાં એક વીડિયો બાબતે થયેલા ઝઘડા બાદ બે મહિલાઓ, જેઓ નણંદ-ભાભી છે, તેમણે થોડી-થોડી મિનિટોના અંતરમાં ઘરની ઊંચાઈ પરથી છલાંગ લગાવી દીધી હતી, જેમાં એક મહિલા પહેલા માળેથી અને બીજી મહિલા શાફ્ટમાં કૂદી જતાં ઈજાગ્રસ્ત થઈ હતી. એમ પોલીસે રવિવારે જણાવ્યું હતું. બન્ને મહિલાઓ (નણંદ-ભાભી), જેમણે 2 ઓક્ટોબરના રોજ થોડી જ મિનિટોના અંતરમાં છલાંગ લગાવી હતી, તેમને એઈમ્સ ટ્રોમા સેન્ટરમાં દાખલ કરવામાં આવી છે.

## જાપાનમાં મહિલાની કથિત હત્યાના કેસમાં યુએસ મરીનની ધરપકડ

ટોક્યો, તા. 4 (AP): જાપાની પોલીસે ઓકિનાવા ખાતે એક મહિલાની લૂંટ અને કથિત હત્યાના કેસમાં એક યુએસ મરીનની ધરપકડ કરી છે. એમ અધિકારીઓએ રવિવારે જણાવ્યું હતું. દક્ષિણી આઈલેન્ડ પર અમેરિકી સૈનિકોની ભારે ઉપસ્થિતિ એક સંવેદનશીલ મુદ્દો રહી છે, જેનો આ તાજેતરનો ફોજદારી કેસ છે. ઓકિનાવા પ્રીફેક્ચરલ પોલીસે જણાવ્યું હતું કે, ઓકિનાવાની રાજધાની નાહાની એક હોટેલમાં ૩૯ વર્ષીય સ્થાનિક મહિલાની હત્યા કરવા અને વહેલી સવારે તેનું પાકીટ તથા બેકપેક ચોરી જવાના આરોપમાં તેમણે ફુટેન્મા એર સ્ટેશન પર તૈનાત ૨૦ વર્ષીય મરીનની ધરપકડ કરી છે.

## UPમાં મહિલાએ હોસ્પિટલ બહાર બાળકને જન્મ આપ્યો

રાયબરેલી (યુપી), તા. 4 (પીટીઆઇ) અહીંની જિલ્લા હોસ્પિટલ દ્વારા દાખલ કરવાનો ઇનકાર કરવામાં આવતાં એક મહિલા હોસ્પિટલની બહાર બાળકને જન્મ આપવા મજબૂર બની હતી. એમ એક સંબંધીએ દાવો કર્યો છે. રવિવારે સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વીડિયોમાં આ દાવો કરવામાં આવ્યો હતો.

# ઘણા દેશો ફ્લાયદુબઈના કો-પાયલોટના બેકગ્રાઉન્ડની તપાસ કરી રહ્યા છે

**આ** પાયલોટે ઓસ્ટ્રેલિયામાં પણ અગાઉ અભ્યાસ કર્યો હોવાથી ઓસ્ટ્રેલિયા પણ આ તપાસમાં જોડાયું

દુબઈ, તા. ૪(પીટીઆઈ): મીડિયા અહેવાલો મુજબ, ઓમાનના કો-પાયલટના ઓસ્ટ્રેલિયા સાથેના સંબંધો તેમજ તે તેલ અવીવ જતી 'ફ્લાયદુબઈ' ફ્લાઈટના ક્રૂનો સભ્ય કેવી રીતે બન્યો, તે અંગે ઓસ્ટ્રેલિયા અને ઈઝરાયેલના અધિકારીઓ તપાસ કરી રહ્યા છે, જ્યારે યુએઈની આગેવાની હેઠળની તપાસ ટીમો તેના હેતુઓ અને સંપર્કોની વિગતો મેળવી રહી છે.

ઓસ્ટ્રેલિયન ફેડરલ પોલિસે જણાવ્યું હતું કે એક આતંકવાદ વિરોધી ટીમ આ શખ્સના ઓસ્ટ્રેલિયા સાથેના સંબંધોની તપાસ કરી રહી છે, તેમ ઓસ્ટ્રેલિયન બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશન(ABC) એ રવિવારે અહેવાલ આપ્યો હતો. ઓસ્ટ્રેલિયન ફેડરલ પોલિસે ABC અને BBCને જણાવ્યું કે, ઓસ્ટ્રેલિયન ફેડરલ પોલિસ, વિક્ટોરિયા પોલિસ અને ઓસ્ટ્રેલિયન સિક્યુરિટી ઈન્ટેલિજન્સ ઓર્ગેનાઈઝેશનની બનેલી વિક્ટોરિયન જોઈન્ટ કાઉન્ટર ટેરરિઝમ ટીમ આ ઓસ્ટ્રેલિયન તપાસ ચલાવી રહી છે. કેસની જાણકારી ધરાવતા સૂત્રોએ ઓસ્ટ્રેલિયન મીડિયાને જણાવ્યું હતું કે, આ કો-પાયલટને ૨૦૧૪માં સ્ટુડન્ટ વિઝા આપવામાં આવ્યા હતા અને તેણે દેશ છોડતા પહેલાં ૨૦૧૫થી ૨૦૧૭ દરમિયાન ઓસ્ટ્રેલિયામાં અભ્યાસ કર્યો હતો. તેના વિઝા ૨૦૧૯માં રદ કરવામાં આવ્યા હતા, તેમ ABCએ જણાવ્યું હતું.

વધુમાં જણાવ્યું હતું કે આ વિઝા તેના ચારિત્ર્ય કે વર્તનના આધારે નહી, પરંતુ તે કોઈ કોર્સમાં નોંધાયેલો ન હોવાથી સ્ટુડન્ટ વિઝા માટે અપાત્ર ઠર્યો હોવાને કારણે રદ કરવામાં આવ્યા હતા. તપાસની આગેવાની કરી રહેલા યુએઈ (UAE)એ શનિવારે જણાવ્યું હતું કે, તેની તપાસમાં ખુલાસો થયો છે કે કો-પાયલટે "આતંકવાદી કૃત્ય" કરવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે આ ઘટના સંબંધિત સંપૂર્ણ પરિસ્થિતિ, હેતુઓ અને કોઈ જોડાણો છે કે કેમ તે સ્થાપિત કરવા માટે તપાસ ચાલુ છે. મીડિયાના અસંખ્ય આઉટલેટ્સ દ્વારા આ કો-પાયલટની ઓળખ ઓમાની નાગરિક હમામ અલ-હમ્મામી તરીકે કરવામાં આવી છે, જો કે તેની ઓળખની હજુ સુધી કોઈ અધિકૃત પુષ્ટિ થઈ નથી.

# રશિયાએ યુક્રેનના પુલોને નિશાન બનાવવાનું ચાલુ રાખ્યું





**રવિવારે** સવારે કિવ નજીકની ડીનિપ્રો નદી પરના નોર્ધન બ્રીજ પર ડ્રોન ત્રાટક્યું, બેને ઇજા

**આ જ** સપ્તાહમાં થયેલા હુમલાઓને કારણે કિવના છ બ્રિજમાંથી ત્રણ બંધ કરવાની ફરજ પડી છે

કિવ, તા. ૪(એપી): રવિવારની સવારે રશિયન હુમલાઓ ચાલુ રહ્યા હતા, જેમાં એક ડ્રોન ડીનિપ્રો નદી પર આવેલા કિવના નોર્ધન બ્રિજ સાથે ફરીથી અથડાયું હતું, તેમ ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું.

સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં વાહનો પસાર થઈ રહ્યા હતા ત્યારે ડ્રોન પુલ તરફ ઊડતું અને ધમાકો થતો જોવા મળ્યો હતો. કિવના મેયર વિટાલી ક્લિટ્સ્કોએ જણાવ્યું હતું કે આ હુમલામાં બે લોકો ઘવાયા હતા.

આ નવો હુમલો એવા સમયે થયો છે જ્યારે આ જ સપ્તાહના પ્રારંભમાં રશિયન હુમલાઓને કારણે ડીનિપ્રો નદી પરના કિવના છ રોડ બ્રિજમાંથી ત્રણ સંપૂર્ણ કે આંશિક રીતે બંધ કરવાની ફરજ પડી હતી. આનાથી ટ્રાફિક સ્થગિત થઈ ગયો હતો અને ટ્રાફિક જામની સમસ્યા સર્જાઈ હતી, જે યુક્રેનની રાજધાનીમાં જનજીવન અસ્તવ્યસ્ત કરવાના મોસ્કોના તાજેતરના પ્રયાસનો એક ભાગ છે. અગાઉ રશિયાએ અન્ય ટાર્ગેટ્સ ઉપરાંત એપાર્ટમેન્ટ બ્લોક્સ, સુપરમાર્કેટ ગોડાઉનો, ગેસ સ્ટેશનો અને ડેટા સેન્ટરો પર હુમલા કર્યા છે.

## પેજ 3

## નુસરત ભરૂચાને એરલિફ્ટ કરીને બાલીથી મુંબઈ લવાઇ, કરોડરજ્જૂની સર્જરી થશે



મુંબઈ, તા. 04 : બોલિવૂડ અભિનેત્રી નુસરત ભરૂચાનો બાલીમાં ખૂબ જ ગંભીર અકસ્માત થયો હતો, જેના પછી અભિનેત્રીને હવે બાલીથી મુંબઈ લાવવામાં આવી છે. નુસરત ભરૂચાની કરોડરજ્જુમાં ઈજા થઈ છે. હવે મુંબઈમાં નુસરતની કરોડરજ્જુની સર્જરી થશે. નુસરત ભરૂચાને એર એમ્બ્યુલન્સ દ્વારા બાલીથી ભારત લાવવામાં આવી છે. આ દરમિયાન અભિનેત્રીનો એક અત્યંત દર્દનાક વીડિયો સામે આવ્યો છે જેમાં તે વેન્ટિલેટર સપોર્ટ પર દેખાઈ રહી છે. તેની સર્જરી મુંબઈની હોસ્પિટલમાં કરવામાં આવશે. વીડિયોમાં નુસરત ખૂબ જ પીડામાં દેખાઈ રહી છે. જોકે, તે હોશમાં છે અને તેની આસપાસ હાજર લોકો સાથે વાતચીત કરતી જોવા મળી રહી છે.

## આદિત્ય ધર-યામી ગૌતમ હિમાચલમાં 25 એકરમાં બનેલા 100 વર્ષ જૂના ઘરમાં રહેશે



મુંબઈ, તા. 04 : બોલિવૂડના 'ધુરંધર' ડિરેક્ટર આદિત્ય ધર અને તેમની એક્ટ્રેસ પત્ની યામી ગૌતમ અંગે મોટા સમાચાર સામે આવી રહ્યા છે. એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, નેશનલ ફિલ્મ અવોર્ડ જીતી ચૂકેલી આ જોડીએ મુંબઈ છોડીને હવે હિમાચલ પ્રદેશમાં વસવાટ કરવાનો નિર્ણય કર્યો છે. લગ્ન પહેલા, યામી ગૌતમે મંડીના ગોહરમાં 25 એકર જમીન પર 100 વર્ષ જૂનું વારસાગત ઘર ખરીદ્યું હતું. તે તેના પરિવાર અને બાળપણની યાદો સાથે ઊંડે સુધી જોડાયેલું છે. આ યામી ગૌતમનું પિયર પણ છે. જોકે, બંને કામના સિલસિલામાં સતત મુંબઈ આવતા-જતા રહેશે.

## સંજય દત્તે ભારતમાંથી શાંતિ ગાયબ હોવાનું કહી તે દિવસો' પાછા આવવાની આશા વ્યક્ત કરી

મુંબઈ, તા. 04 : અભિનેતા સંજય દત્તે તાજેતરમાં ભારતમાં શાંતિના અભાવ વિશે ખુલીને વાત કરી અને જણાવ્યું કે તેમને આશા છે કે દેશ એવા સમયમાં પાછો ફરશે જ્યારે લોકો વધુ સૌહાર્દ સાથે જીવી શકે. દત્તે શેખર સુમનના શો 'શેખર ટુનાઇટ' પર પોતાના વિચારો શેર કર્યા હતા. શુક્રવારે રિલીઝ થયેલા ગાંધી જયંતિ સ્પેશિયલ એપિસોડમાં 67 વર્ષીય અભિનેતાએ દેશ, તેના લોકો અને વધુ શાંતિ માટેની તેમની ઇચ્છા વિશે વાત કરી હતી. ભારતની વર્તમાન સ્થિતિ પર પ્રતિક્રિયા આપતાં અભિનેતાએ જણાવ્યું હતું કે, આ દેશના લોકો ખૂબ જ સુંદર છે. અહીં શાંતિ હોવી જોઈએ. મને હવે આપણા દેશમાં તે શાંતિ અનુભવાતી નથી.

# જ્યારે મોટાભાગના દેશો પાક. સાથે હતા ત્યારે રશિયા જ ભારતની પડખે રહ્યું : જયશંકર

**વિદેશ** મંત્રીએ કહ્યું કે ભૂતકાળનો અનુભવ આજે પણ બંને દેશોના સંબંધોને આકાર આપી રહ્યો છે

**ભારત** હવે માત્ર શાંતિની હિમાયત કરવાને બદલે યુદ્ધ અટકાવવા રશિયા અને યુક્રેન સાથે સીધી વાત કરી રહ્યું છે



નવી દિલ્હી, તા. ૪: પશ્ચિમી દેશોની ટીકાઓ વચ્ચે વિદેશ મંત્રી એસ. જયશંકરે રશિયા સાથેના ભારતના સંબંધોની ફરીથી પુષ્ટિ કરી છે. તેમણે જણાવ્યું છે કે જ્યારે પણ ભારતની સુરક્ષા અને પ્રદેશિક અખંડિતતા પર જોખમ આવ્યું છે, ત્યારે રશિયા ભારતની સાથે અડીખમ ઊભું રહ્યું છે.

નવી દિલ્હીમાં 'મ્યુનિક સિક્યુરિટી કોન્ફરન્સ' દરમિયાન બોલતા જયશંકરે કહ્યું કે બંને દેશોએ ઐતિહાસિક રીતે સારા સંબંધોનો આનંદ માણ્યો છે અને તે અનુભવ આજે પણ તેમના સંબંધોને આકાર આપી રહ્યો છે. તેમણે કહ્યું, લોકો સારો ઈતિહાસ કે ખરાબ ઈતિહાસ ભૂલતા નથી. તેમણે રશિયા અને સોવિયેત યુનિયન તરફથી મળેલા સમર્થનને યાદ કર્યું, ખાસ કરીને ૧૯૫૦ના દાયકાથી, જ્યારે વિશ્વના મોટા ભાગના દેશો પાકિસ્તાનની સૈન્ય સરકારને સમર્થન આપી રહ્યા હતા.

આ ટિપ્પણીઓ ૧૯૭૧ના પાકિસ્તાન સાથેના યુદ્ધ દરમિયાન ભારતને મળેલા સોવિયેત સમર્થન તરફ ઈશારો કરે છે, જ્યારે અમેરિકાએ ઈસ્લામાબાદના સમર્થનમાં બંગાળની ખાડીમાં પોતાનું નેવલ ટાસ્ક ફોર્સ મોકલ્યું હતું. રશિયા સાથે ભારતના સંબંધો પર પશ્ચિમી દેશો દ્વારા ઉઠાવવામાં આવતા સવાલોના અપ્રત્યક્ષ જવાબમાં જયશંકરે કહ્યું કે દરેક દેશ પોતાના અનુભવોના આધારે જ સંબંધોનું આકલન કરે છે. જયશંકરે જણાવ્યું હતું કે ૧૯૭૦ અને ૧૯૮૦ના દાયકાથી આ ભાગીદારીનો વિકાસ થયો છે, જેમાં સૈન્ય અને અણુ સહયોગની સાથે હવે વેપાર, ઉર્જા અને સંસાધનો પણ મોટી ભૂમિકા ભજવી રહ્યા છે. તેમની આ ટિપ્પણીઓ યુક્રેન યુદ્ધ દરમિયાન ભારત દ્વારા રશિયન તેલની સતત ખરીદી માટે અમેરિકા અને યુરોપ દ્વારા કરવામાં આવી રહેલી ટીકાઓ વચ્ચે આવી છે.

તેમણે કહ્યું કે નવી દિલ્હીએ છેલ્લા કેટલાક મહિનાઓમાં માત્ર શાંતિની વકીલાત કરવાથી આગળ વધીને રશિયા અને યુક્રેન બંને સાથે વાટાઘાટો કરી છે. આ વાટાઘાટોમાં કાળા સમુદ્રમાં શિપિંગ પરના હુમલા, અનાજની આયાત, ઉર્જા નિકાસ અને નિર્ણાયક માળખાકીય સુવિધાઓ પરના હુમલાઓ આવરી લેવામાં આવ્યા છે.

# ભારત પાક. પર સર્જીકલ સ્ટ્રાઇક કરી શકે, પણ મંત્રણા નથી કરતું : મણિશંકર ઐયર

**કોંગ્રેસના** આ વરિષ્ઠ નેતાએ વાઘા-અટારી બોર્ડર પર ટેબલ મૂકીને મંત્રણા કરવાનું પણ સૂચન કર્યું!

શ્રીનગર, તા. ૪(PTI): ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી મણિશંકર અય્યરે રવિવારે પાકિસ્તાન સાથે વાતચીત કરવાનો ઈનકાર કરવા બદલ ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકારની ટીકા કરતા કહ્યું હતું કે, સરકાર પાસે 'સર્જિકલ સ્ટ્રાઈક' કરવાની હિંમત છે પરંતુ મુદ્દાઓ ઉકેલવાની ઈચ્છાશક્તિનો અભાવ છે.

અહીં યોજાયેલા પાંચમા 'હલ્લા બોલ કોન્કલેવ'માં બોલતા કોંગ્રેસના આ વરિષ્ઠ નેતાએ અટારી-વાઘા બોર્ડર પર વાતચીત કરવાનો સુઝાવ આપ્યો હતો અને ભારપૂર્વક જણાવ્યું હતું કે ભૂતકાળના મુદ્દાઓ પર દલીલો કરવી એ વિદેશ નીતિ નથી.

તેમણે સવાલ કર્યો હતો કે, "આપણી પાસે તેમના પર સર્જિકલ સ્ટ્રાઈક કરવાની હિંમત હોય તેવું લાગે છે. તો પછી આપણી પાસે તેમની સાથે એક ટેબલ પર બેસીને વાત કરવાની હિંમત કેમ નથી? આપણે તેમની સાથે વાત કેમ નથી કરી શકતા? આપણે તેમની સાથે મિત્રતા કેમ નથી કરી શકતા?" તેમણે આગળ પૂછ્યું, શું દુનિયામાં એવો કોઈ બીજો દેશ છે જેની સાથે આપણે પાકિસ્તાન કરતાં વધુ સહજ હોઈએ? શું દુનિયામાં એવો કોઈ દેશ છે જેની સાથે પાકિસ્તાન આપણા કરતાં વધુ સારી રીતે વાતચીત કરી શકે?

## શ્રીલેખા કોર્પોરેટર તરીકે ચાલુ રહેશે : ભાજપ

તિરુવનંતપુરમ, તા. 4 (PTI) તિરુવનંતપુરમ કોર્પોરેશનના કોર્પોરેટર તરીકે ભૂતપૂર્વ ડીજીપી આર. શ્રીલેખા દ્વારા કથિત રીતે સબમિટ કરાયેલા રાજીનામા પત્ર સામે આવ્યાના એક દિવસ પછી તેમણે એક વોટ્સએપ ગ્રુપ દ્વારા તેમના વોર્ડના રહેવાસીઓને તેઓ પદ પરથી હટી રહ્યા છે તેની જાણ કરતો મેસેજ ડિલીટ કરી નાખ્યો. રવિવારે ભાજપના નેતાઓએ જણાવ્યું હતું કે, શ્રીલેખાએ રાજીનામું આપ્યું નથી અને તેઓ કોર્પોરેટર તરીકે ચાલુ રહેશે.

# ઓપનએઆઈએ બ્લોક કર્યો તો યુટ્યુબરે પોતાનું AI વિકસાવ્યું

**પ્રસિદ્ધ** યુટ્યુબર ફેલિક્સ કેજેલબર્ગે રજૂ કર્યું પ્રતિબંધો વગરનું AI એજેક્સ

**ક્લાઉડને** બદલે સંપૂર્ણપણે લોકલ સિસ્ટમ પર ચાલે તે રીતે એજેક્સ ડિઝાઇન કરાયું



નવી દિલ્હી, તા. 4 : પ્રખ્યાત યુટ્યુબર ફેલિક્સ કેજેલબર્ગ ઉર્ફે પ્યુડિપાઈએ એઆઈની દુનિયામાં કદમ રાખતા પોતાનું નવું સ્મોલ લેંગ્વેજ મોડેલ એજેક્સ રજૂ કર્યું છે. રિપોર્ટ્સ મુજબ તેણે આવું ઓપનએઆઈ દ્વારા પોતાને બ્લોક કરવામાં આવવાના કારણે કર્યું છે. તેના એઆઈ મોડેલની ખાસિયત એ છે કે તે ક્લાઉડને બદલે સંપૂર્ણપણે લોકલ સિસ્ટમ પર ચાલવા માટે ડિઝાઇન કરવામાં આવ્યું છે.

## રાજ્યસભા માટે બંગાળમાં TMCમાંથી આવેલા રૂક્મિણી મલિક ભાજપના ઉમેદવાર

નવી દિલ્હી, તા. 4 (PTI): ભાજપે રવિવારે રાજ્યસભાની ચૂંટણી માટે તેના ઉમેદવારોના નામ જાહેર કર્યા, જેમાં પશ્ચિમ બંગાળથી રૂક્મિણી મલિક અને ઉત્તરાખંડથી દિનેશ આર્યાને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. પક્ષે જણાવ્યું કે, ઉમેદવારોના નામોને ભાજપની કેન્દ્રીય ચૂંટણી સમિતિ દ્વારા મંજૂરી આપવામાં આવી છે. ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ અને પશ્ચિમ બંગાળની 12 રાજ્યસભા બેઠકો માટે 16 ઓક્ટોબરે ચૂંટણી યોજાશે. આ ચૂંટણીઓમાં ઉત્તર પ્રદેશની 10 બેઠકો અને ઉત્તરાખંડની 1 બેઠકનો સમાવેશ થાય છે, જ્યાં વર્તમાન સભ્યોનો કાર્યકાળ 25 નવેમ્બરે પૂરો થાય છે.

# બાંગ્લાદેશે ફરી ભારત પાસે હસીનાના પ્રત્યાર્પણની માગ કરી

ઢાકા, તા. 4 (PTI): બાંગ્લાદેશે રવિવારે જણાવ્યું હતું કે, તે અપેક્ષા રાખે છે કે ભારત પદભ્રષ્ટ વડાં પ્રધાન શેખ હસીનાના પ્રત્યાર્પણની પ્રક્રિયાને વેગ આપશે અને ઉમેર્યું હતું કે કાનૂની પ્રક્રિયા ઉપરાંત તેમની વાપસી માટે રાજકીય ઈચ્છાશક્તિ પણ જરૂરી છે.

આ નિવેદન ભારતીય હાઈ કમિશનર દિનેશ ત્રિવેદીના એ નિવેદનના એક દિવસ પછી આવ્યું છે, જેમાં તેમણે જણાવ્યું હતું કે, ભારત હસીનાની વાપસી માટે કોઈ સમયમર્યાદા આપી શકે નહીં.














**बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda**

**ઉચ્છલ શાખાઃ** ચર્ચની સામે, મામલતદાર ઓફીસ નજીક, સુરત નવાપુર રોડ, મુ+પો. ઉચ્છલ, તા.ઉચ્છલ, જી.તાપી,–૩૯૪૩૭૫ ફો નં.૦૨૬૨૮–૨૩૧૧૦૯ Email : uchhal@bankofbaroda.com

**કબજા નોટીસ (કલમ ૧૩(૪)(સ્થાયી મિલકત માટે) [સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ રૂલ્સ ૨૦૦૨] ના(રૂલ ૮(૧) હેઠળ**

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૦૨.૦૭.૨૦૧૯** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/જામીનદાર **શ્રી પંકજ રતિલાલ ગોહિલ (દેવાદાર), શ્રીમતી જિતિક્ષા પંકજ ગોહિલ (સહદેવાદાર), અને શ્રી રાજેન્દ્ર સાખરચંદ ભાવસાર (જામીનદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૧૦,૭૯,૩૧૭.૨૮ (અંકે રૂા. દસ લાખ ઓગણાએંસી હજાર ત્રણસો સત્તર અને અઠ્ઠાવીસ પૈસા પુરા) વત્તા વ્યાજ અને અન્ય ચાર્જીસ સહિત** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૦૧લી ઓકટોબર ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા**,ની રકમ **રૂા.૧૦,૭૯,૩૧૭.૨૮** વત્તા વ્યાજ અને અન્ય ચાર્જીસ ને આધિન રહેશે.

**સ્થાવર મિલકતનું વર્ણન**

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે 'આરતી રેસીડન્સી ભાગ–૨' તરીકે જાણીતી જમીનની બિલ્ડીંગ ના ૧લા માળ નો ફલેટ નં.૩૦૩, બિલ્ટઅપ એરિયા માપ ૬૧૭.૮૭ ચો.ફુટ એટલે ૫૭.૫૩ ચો. મીટર, રોડ/રસ્તો અને સીઓપી માપ ૨૪.૨૫ ચો.મી વણવહેચાયેલ હિસ્સા સાથે સંકળાયેલ તમામ આંતરીક અને બાહ્ય અધિકારો સાથે જમીનનો રેવન્યુ સર્વે નં.૮બી પૈકી પ્લોટ નં.બી/૧૦૪, કુલ માપ ૨૬૬.૮૫ ચો.મી., જે બિન–ખેતી જમીન મોજે ગામ:ઉચ્છલ, સબ ડિસ્ટ્રીકટ: ઉચ્છલ, જી. તાપી ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : પ્લોટ નં. ૧૦૪/બી બાકી ખુલ્લી જગ્યા, **પશ્ચિમ તરફ** : પ્લોટ નં.૧૦૪/બી બાકી ખુલ્લી જગ્યા, **ઉત્તર તરફ** : પ્લોટ નં.૧૦૩/બી, **દક્ષિણ તરફ** : સોસાયટી રોડ.

તા. ૦૧.૧૦.૨૦૨૬ । સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, ઉચ્છલ શાખા

**बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda**

**ખાંડ બજાર શાખા :** વરાછા પોલીસ સ્ટેશન સામે, વરાછા રોડ, સુરત. ફોન નં.(૦૨૬૧) ૨૫૪૪૫૮૫ E-Mail : khasur@bankofbaroda.com

**કબજા નોટીસ (કલમ ૧૩(૪)(સ્થાયી મિલકત માટે) [સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ રૂલ્સ ૨૦૦૨] ના(રૂલ ૮(૧) હેઠળ**

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૧૭.૦૭.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/ગીરવેદાર **શ્રી પરેશ ઘનશ્યામભાઈ તાજા (દેવાદાર અને ગીરવેદાર), શ્રી ઘનશ્યામભાઈ ગોર્ધનભાઈ તાજા (સહ–દેવાદાર અને ગીરવેદાર), શ્રીમતી ચંપાબેન ઘનશ્યામભાઈ તાજા (સહ–દેવાદાર અને ગીરવેદાર), શ્રી રોહિતભાઈ કાંતીભાઈ ઢોળકિયા (જામીનદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૧૮,૧૨,૯૯૩.૩૮ (અંકે રૂા. અઢાર લાખ બાર હજાર નવસો ત્રાણું અને આડત્રીસ પૈસા પુરા) વત્તા વ્યાજ અને અન્ય ચાર્જીસ સહિત** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/ગીરવેદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૦૧લી ઓકટોબર ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા**,ની રકમ **રૂા.૧૮,૧૨,૯૯૩.૩૮** વત્તા વ્યાજ અને અન્ય ચાર્જીસ ને આધિન રહેશે.

**સ્થાવર મિલકતનું વર્ણન**

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે 'સંકલ્પ રેસીડન્સી' બિલ્ડીંગ–આઈ ના ૪થા માળ નો ફલેટ નં. ૪૦૩ બિલ્ટઅપ એરિયા માપ ૬૨.૫૭ ચો. મીટર, જમીનના તમામ હક, સાથે વણવહેચાયેલ હિસ્સાની જમીનનો રેવન્યુ સર્વે નં.૨૮૪/૧, બ્લોક નં.૪૬૦, ટી.પી.સ્કીમ નં.૬૬ (કોસાડ– વરીયાવ), ફાઈનલ પ્લોટ નં.૭૮, મોજે ગામ:કોસાડ, સબ ડિસ્ટ્રીકટ: અડાજણ, જી. સુરત ખાતે આવેલ છે. (વેચાણ ડિડ મુજબ) ચતુર્દિશા : **પૂર્વ તરફ** : જોડેનો સોસાયટી રોડ, **પશ્ચિમ તરફ** : જોડેની બિલ્ડીંગ ની હદ, **ઉત્તર તરફ** : જોડેની સોસાયટી નો ખુલ્લી જગ્યા, **દક્ષિણ તરફ** : જોડેની બિલ્ડીંગ ની હદ

તા. ૦૧.૧૦.૨૦૨૬ । સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, ખાંડબજાર શાખા

**बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda**

**ભીમપોર શાખા :** નાના હિરા સ્ટ્રીટ, મેઈન રોડ, પોસ્ટ – ડુમસ, ૬૧૪, જુના સ્ટેશન, ભીમપોર, સુરત, ગુજરાત–૩૯૪૫૫૦ ઈમેઈલ : bhimpo@bankofbaroda.com

**કબજા નોટીસ (ધારા ૧૩(૪)) (સ્થાયી મિલકત માટે) [સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ–૮(૧) હેઠળ]**

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (બીજો) એકટ, ૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લેઈ તેમને મળેલ સત્તાની રૂએ **તા.૦૬.૦૩.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને **દેવાદાર/ ગીરવેદાર શ્રીમતી મજેઠીયા ક્રિષ્ણા વિનુભાઈ (દેવાદાર), અને શ્રી કિશન અશોકભાઈ સોલંકી (જામીનદાર)**, ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂા.૨૯,૫૩,૪૬૩.૭૨ (અંકે રૂા.ઓગણત્રીસ લાખ ત્રેપ્પન હજાર ચારસો ત્રેસઠ અને બોત્તેર પૈસા પુરા) + વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિકયોરીટી ઈન્ટેરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) ના રૂલ ૮ સાથે વંચાણે લઈ આ ધારા હેઠળ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૦૨જી ઓકટોબર ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર/ગીરવેદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા** ની બાકી રકમ **રૂા.૨૯,૫૩,૪૬૩.૭૨** વત્તા વ્યાજ અને અન્ય ચાર્જીસ ને આધીન રહેશે.

**સ્થાયી મિલકતનું વર્ણન**

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે 'સૂર્ય દર્શન સાઈલન્ટ સીટી' તરીકે જાણીતા પ્રોજેકટના 'સી' ટાઈપ પ્લોટ નં. ૨૮ (બુકિંગ લે આઉટ મુજબ) અને પાસ થયેલ પ્લાન મુજબ, આ મિલકત પ્લોટ નં. ૭૯ (ગામના નમુના નં. –૭/૧૨ મુજબ અને કેજેપી મુજબ આ પ્લોટ નવો રે.સ/બ્લોક નં. ૨૮૮– ૭૯ તરીકે જાણીતો છે) એરિયા માપ આશરે ૭૮.૧૪ ચો.મી, મિલકતના વણવહેચાયેલ રોડ અને સીઓપીની જમીન ના ૩૯.૦૦ ચો.મી ના હિસ્સા સહિત અને તેના ઉપર ગ્રાઉન્ડ ફ્લોર + ૧લો માળનો ૧૦૦.૦૬ ચો.મી બાંધકામ સહિત આખો પ્રોજેકટ બિનખેતી જમીન રેવન્યુ સર્વે નં.૩૦૪ અને ૩૦૫ જેનો બ્લોક નં.૨૮૮ માપ ૩૮૨૯૧ ચો.મી ગામ.કામરેજ, સબ ડિસ્ટ્રીકટ– કામરેજ, જી.સુરત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : જોડેની સોસાયટી રોડ, **પશ્ચિમ તરફ** : પ્લોટ નં.બી–૩૦૦, **ઉત્તર તરફ** : પ્લોટ નં.સી–૨૯, **દક્ષિણ તરફ** : પ્લોટ નં.સી–૨૭ આવેલ છે.

તા. ૦૨.૧૦.૨૦૨૬ । સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, ભીમપોર શાખા